દાખલ તારીખ :– ૨૮/૦૩/૧૯૯૫
ફેંસલ તારીખ :– ૧૧/૧૧/૨૦૨૫
સમયગાળો :– વર્ષ મહિના દિવસ
૩૦ ૦૭ ૧૪

**અમદાવાદ શહેરના મે. ૬ ઠ્ઠા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી એમ.બી.નિમાવત સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:–૪૦૫/૧૯૯૫**
**આંક– ...**

| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
|---|---|
| પોલીસ સ્ટેશન :– | સેટેલાઇટ પો.સ્ટ. ગુ. ર. નં.૪૨૮/૧૯૯૪ |
| ગુનો :– | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૧૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબ |

## FORM A

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત | ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૧૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબ |
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી–અરવિંદભાઈ ગીરધરભાઈ) |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.સી.ગોસ્વામી |
| આરોપીઓ | (૧) પ્રકાશ નંદલાલ બોકવાણી, ઉ.વ. ૧૮<br>રહે.અંબિકા એપાર્ટમેન્ટ શ્રીજી પાર્ક સોસા.મણિનગર<br>(૨)સમીરનાનુભાઈ માંકડીયા, ઉ.વ. ૨૪<br>રહે.બી, ૪૦૪ સ્પેક્ટ્રમ ટાવર શાહીબાગ સ્ટેડીયમ સામે<br>(૩)મૌજમમોબી લોખંડવાલા, ઉ.વ. ૧૮<br>રહે.એ.૬૦૬ સ્પેક્ટ્રમ ટાવર શાહીબાગ<br>(૪)અલ્તાફ હુસેન મોગલ, ઉવ.૧૯<br>રહે.જમાલપુર, સિંધિવાડ મકાન નં.૧૫૫૭ એફ.ડી.હાઇસ્કુલ પાસે<br>(૫)રૂપલાલ પ્રભુદયાલ દિવાકર, ઉ.વ.૨૮<br>રહે.સર્માજીની ચાલી ધર્મનગર<br>(૬)અશોક ભગવાનદાસ સોની, ઉવ.૩૪<br>રહે.ગુર્જર ફ્લેટ ભીમજીપુરા નવા વાડજ<br>(૭)નિલેષ ચીમનભાઈ પટેલ<br>રહે.૭ અસ્ટાપદ સોસા. શાંતિવન નારણનગર<br>(૮)ભરતકુમાર જયંતિભાઈ પટેલ, ઉ.વ.૨૬<br>રહે.નિલકંઠ કોલોની વટવા ડેરીચા રોડ<br>(૯)જુબેરભાઈ જાફરભાઈ શેખ, ઉ.વ.૩૧<br>રહે.કુરેશનગર વેજલપુર<br>(૧૦)દિપેશ કિશનભાઈ રાવ, ઉ.વ.૧૮<br>રહે.૧૪ કુન્દનપાર્ક નારણપુર ચાર રસ્તા પાસે |

| | |
|---|---|
| | (૧૧)સંદિપકુમાર અમરતલાલ પંચાલ, ઉ.વ.૨૧<br>રહે.૧૦ જુલી એપાર્ટમેન્ટ રાજમીન ગેસ એજન્સી પાસે શાહીબાગ |
| આરોપીઓ તરફે વિ.વકીલશ્રી | વિ.વ.શ્રી બી.એસ.મહેતા, વિ.વ.શ્રી પોકસી, વિ.વ.શ્રી વાય.એ.પરીખ તથા વિ.વ.શ્રી એમ.જી.દેસાઇ |

## FORM B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :– | |
| ફરિયાદની તારીખ :– | |
| ચાર્જશીટની તારીખ :– | |
| તહોમત ફરમાવ્યાની તારીખ :– | |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :– | |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :– | |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીઓની વિગતો :–

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રકાશ નંદલાલ બોકવાણી | ૦૧/૧૦/૧૯૯૪ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ની કલમ– ૪૧૭, ૪૬૮, ૪૭૧,૧૨૦(બી), ૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | ..... | ....... |
| ૨ | સમીરનાનુભાઇ માંકડીયા | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૩ | મૌજમમોબી લોખંડવાલા | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૪ | અલ્તાફ હુસેન મોગલ | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૫ | રૂપલાલ પ્રભુદયાલ દિવાકર | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૬ | અશોક ભગવાનદાસ સોની | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૭ | નિલેષ ચીમનભાઇ પટેલ | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૮ | ભરતકુમાર જયંતિભાઇ પટેલ | ૦૩/૧૦/૧૯૯૪ | | | | | |
| ૯ | જુબેરભાઇ જાફરભાઇ | ૦૪/૧૦/૧૯૯૪ | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | શેખ | | | | | | |
| ૧૦ | દિપેશ કિશનભાઈ રાવ | ૧૦/૧૦/૧૯૯૪ | | | | | |
| ૧૧ | સંદિપકુમાર અમરતલાલ પંચાલ, | ૨૮/૧૦/૧૯૯૪ | | | | | |

## FORM C
## ફરિયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

**-: મૌખિક પુરાવો :-**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | જગદીશભાઈ કરશનભાઈ પટેલની જુબાની | સાહેદ | ૨૪ |
| ૨ | યોગેન્દ્રસિંહ સતુભા ચુડાસમા | સાહેદ | ૪૦ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| - | - | - |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| - | - | - |

### ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવટી માર્કશીટો, સહી વિનાની માર્કશીટો, ફોર્મ નં.૩, નેગેટીવ, પોઝીટીવ | ૨૫ |
| ૨. | માર્કશીટો, બનાવટી માર્કશીટો | ૨૬ |
| ૩ | માર્કશીટો | ૨૭ |
| ૪ | સર્ટીફિકેટો | ૨૮ |
| ૫ | માર્કશીટો | ૨૯ |
| ૬ | સ્કુલનો એલ.સી | ૩૦ |
| ૭ | સર્ટી | ૩૧ |
| ૮ | માર્કશીટ | ૩૨ |
| ૯ | માર્કશીટ, ડીગ્રી સર્ટી | ૩૩ |

| | | |
|---|---|---|
| ૧૦ | માર્કશીટો | ૩૪ |
| ૧૧ | પોકર | ૩૫ |
| ૧૨ | માર્કશીટો | ૩૬ |
| ૧૩ | પોકસી | ૩૭ |
| ૧૪ | ફરીયાદ | ૪૧ |
| ૧૫ | પંચનામું (સાહેદ વિમળાબેન પાસેથી કબજે લીધેલ મુદામાલ સામગ્રી અંગેનું) | ૪૨ |
| ૧૬ | પંચનામું (આરોપી નં.૭ નિલેશ પાસેથી કબજે લીધેલ મુદામાલ સામગ્રી અંગેનું) | ૪૩ |
| ૧૭ | પંચનામું (આરોપી નં.૮ ભરતકુમાર પાસેથી કબજે લીધેલ મુદામાલ સામગ્રી અંગેનું) | ૪૪ |

## બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## મુદ્દામાલની વિગત
## મુદ્દામાલ પાવતી નં.૨૪૬/૧૯૯૪, તા.૦૩/૧૦/૧૯૯૪

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | સ્ટેમ્પ–નંગ ૧ |
| ૨ | ૨ | પોકર–નંગ ૧ |
| ૩ | ૩ | ટાઇપ મશીન–નંગ ૧ |
| ૪ | ૪ | માર્કશીટ–નંગ ૫ |

## મુદ્દામાલની વિગત
## મુદ્દામાલ પાવતી નં.૨૪૮/૧૯૯૪, તા.૦૪/૧૦/૧૯૯૪

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | ફર્મો–નંગ ૧ |
| ૨ | ૧–એ | પ્રુફ–નંગ ૧ |
| ૩ | ૧–બી | એસ.એસ.સી નેગેટીવ–૨ |
| ૪ | ૧–સી | પ્રોઝેટીવ–નંગ ૩ |
| ૫ | ૨ | એસ.એસ.સી બોર્ડની સહીવાળી માર્કશીટ –૧૨ |

| | | |
|---|---|---|
| ૬ | ૩ | સહી વિનાની માર્કશીટ–૧૩ |
| ૭ | ૪ | કોપીઓ બનાવવા માટેની નેગેટીવ પ્રોઝેટીવ નંગ–૧૫ |
| ૮ | ૫ | આઇ.ટી.આઈ સર્ટી–૧૦૦, પ્રોઝે–ર, નેગે–ર |
| ૯ | ૬ | માર્કશીટ–ર૫, ફોર્મો–૧૦, પ્રોઝે–૩, નેગે–૮ |
| ૧૦ | ૭ | લીવીગ સર્ટી–૧૧, ફોર્મો–૩ |
| ૧૧ | ૮ | જુદી જુદી યુનિ.ના સર્ટીફિકેટ–૮ |
| ૧ર | ૯ | ધો.૧ર ની માર્કશીટ–૧ |
| ૧૩ | ૧૦ | કાગળનું બંડલ–૧ |
| ૧૪ | ૧૧ | લાકડાની ફ્રેમ–૧ |

## મુદ્દામાલની વિગત
## મુદ્દામાલ પાવતી નં.ર૫૧/૧૯૯૪, તા.૦૬/૧૦/૧૯૯૪

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | કથ્થઇ ફાઇલ–૧, કોરા કાગળ–૫૦, કાટ ખુણીયો–૧, માર્કશીટોની નેગેટીવ–૫, બી.એડ.ની માર્કશીટ–ર૩, થર્ડ બી.એસ.સી. ના માર્ક શીટ–૪, કોરી બનાવટી માર્કશીટ–૪, ફર્મા–૫૮ |

# –: ચુકાદો :–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરીયાદી સહજાનંદ વાણિજય મહાવિદ્યાલય, જુના સચીવાલય પાસે, અમદાવાદ ખાતે પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન તા. ૩૦/૯/૯૪ ના આઠ–દસ દિવસ પહેલા તેઓને કોઇક ઈસમચે ફોન દવારા જાણ કરેલી કે, તેઓની કોલેજમાં વિદ્યાર્થી નામે લોખંડવાલા મૌલમ મોબી તથા પંચાલ સંદીપ અમૃતલાલએ ખોટી માર્કશીટ રજુ કરી એડમીશન મેળવેલ છે. જેથી ફરીયાદીએ તેઓની કોલેજમાં છેલ્લે એડમીશન આપેલ કુલ ૧૮૬ વિદ્યાર્થીની માર્કશીટ ગુજરાત માઘ્યમીક શિક્ષણ બોર્ડને મોકલી તપાસ કરાવતા તેમાં ઉપરોકત બન્ને વિદ્યાર્થી ઉપરાંત રાવ દિપેશ કિશનભાઈ તથા માકડીયા સમીર નાનાલાલ મળી કુલ ચાર વિદ્યાર્થઓની માર્કશીટ ખોટી હોવાનું જણાચેલુ, અને આ વિદ્યાર્થીઓ ગુજરાત માઘ્યમીક શીક્ષણ બોર્ડના રેકર્ડ મુજબ નાપાસ થયેલ હોવા છતા ફરીયાદીની કોલેજમાં પાસ થયેલ હોવાની માર્કશીટ રજુ કરેલ હતી, તેમજ એક વિદ્યાર્થી નામે લોકવાણી પ્રકાશકુમાર નંદલાલએ રજુ કરેલ માર્કશીટમાં દર્શાવેલ બેઠક નંબર ઉપર ખરેખર આ વિદ્યાર્થીએ પરિક્ષા આપેલ ન હતી પરંતુ અન્ય ઈસમચે પરિક્ષા આપેલ હતી. આમ ઉપરોકત પાંચ વિદ્યાર્થીઓએ એડમીશન માટે ખોટી માર્કશીટ

રજુ કરેલ હોવાનું જણાતા ફરીયાદીએ આ બાબતની ફરીયાદ આપતા, સેટેલાઈટ પો.સ્ટે.એ સદરહુ ફરીયાદ આધારે ફ.ગુ.ર.નં. ૪૨૮/૯૪ થી ગુનો દાખલ કરેલ. બાદ તપાસ કરનાર અધિકારીએ તપાસ કરતા આ કામના આરોપીઓ પૈકી નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓ ગુજરાત માધ્યમિક બોર્ડમાં ધોરણ ૧૨ ની પરીક્ષામાં નાપાસ થયેલ હોવા છતા આરોપીઓ નં.૪, ૯ દવારા આરોપીઓ નં.૭,૮ નાઓએ બોર્ડની મળતી માર્કશીટની ડાય બનાવી કોરી માર્કશીટો તૈયાર કરેલ જે માર્કશીટોમાં આરોપીઓ નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓ લખી નાપાસ થયેલ હોવાનું જાણવા છતા તેમની પાસેથી નાંણા મેળવી પાસની માર્કશીટો બનાવી આપી તેનો ખરી તરીકે ઉપયોગ કરેલ, તેમજ માર્કશીટના ફોર્મ ડાય કોરી માર્કશીટો સાથે મળી આવી એકબીજાને મદદગારી કરી આરોપી નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓએ સહજાનંદ વાણીજય મહાવિધાલય જુના સચિવાલય ખાતે એફ.વાય.બી.કોમમાં એડમીશન મેળવી ગુનો કર્યા કરેલ હોવાનું જણાતા અને તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાં ઈ.પી.કો. કલમ–૪૧૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ તા.૨૮/૦૩/૧૯૯૫ ના રોજ અત્રેની અદાલત માં કરેલ છે.

**(૨)** આ કામે તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતા ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓની સામે સમન્સ કાઢવામાં આવેલ હતા. બાદ આરોપીઓ હાજર રહેતા ન હોય તેઓ વિરૂધ્ધ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ, જેથી આરોપીઓ પૈકી નં. ૨, ૪, ૭ તથા ૧૦ નાઓ હાજર રહેલા જયારે અન્ય આરોપી નં. ૧, ૩, ૫, ૬, ૮, ૯ તથા ૧૧ નાઓ તથા તેના જામીનદારો મળી આવતા ન હોય તેઓ વિરૂધ્ધ અવાર નવાર કાઢવામાં આવેલ સમન્સ/વોરંટ/નોટીસની બજવણી થઈ શકેલ નથી. અને પોલીસ એજન્સી મજકુર આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નિવડેલ છે. જયારે અન્ય આરોપીઓ હાજર રહેતા હોય આ કામે આંક–૧ નીચે હુકમ કરી આરોપી નં. ૨, ૪, ૭ તથા ૧૦ પુરતો કેસ આગળ ચલાવવા અને અન્ય આરોપીઓ વિરૂધ્ધ અલગ ચાર્જશીટ રજુ રાખવા હુકમ કરેલ છે. અને હાજર આરોપી નં. ૨, ૪, ૭ તથા ૧૦ નાઓ અદાલત સમક્ષ હાજર રહેલ હોય તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ મજકુર આરોપીઓ સામે આંક –૧૯ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓ નં.૨, ૪, ૭, ૧૦ ને આંક–૨૦ થી આંક–૨૩ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ અને આરોપીઓ ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૩) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામે મુળ ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારી સહિતના તમામ સાહેદોને અવાર નવાર સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે. જેઓ પૈકી સાહેદ નં. ૪ મળી આવતા તેઓની જુબાની નોંધવામાંઆવેલ છે, અને સાહેદ નં. ૬ તથા તપાસ કરનાર અધિકારી મરણ ગયેલ હોવાનો શેરો થઈ આવેલ છે. જયારે અન્ય સાહેદોને અવાર નવાર સન્સ ઈસ્યુ કરવા છતા તેઓ મળી આવેલ નથી. ત્યાર બાદ વિ. એ.પી.પી.શ્રીએ કેસનું રેકર્ડ જોઈ તપાસી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૪) ફરીયાદપક્ષ દવારા આરોપીઓ વિરૂધ્ધ રેકર્ડ પર પુરાવો આવેલ હોય આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમા તેઓ જણાવે છે કે, સદર ગુનો તેઓએ કરેલ નથી. તેઓને ખોટી રીતે શંકાના આધારે સંડોવેલ છે. સદર ગુનામા નિર્દોષ હોય છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી. જેમાં વિ. એ.પી.પી.શ્રી એ એફ. એસ. મુજબની મૌખિક દલીલો કરતા વિશેષમાં જણાવેલ છે કે, આ કામે આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ડુપ્લીકેટ માર્કશીટસ બનાવેલ છે. આરોપીઓ ખરેખર નાપાસ થયેલ હોવા છતા એડમીશન મેળવવાના બદઈરાદે ડુપ્લીકેટ માર્કશીટસ બનાવી તેમાં નંબર્સમાં ફેરફાર કરી પાસ હોવાની ખોટી માર્કશીટસ બનાવેલ છે. અને તેના આધારે ફરીયાદીની સંસ્થામાં એડમીશન મેળવી તેનો ખરા તરીકે ઉપયોગ કરેલ છે. આ કામે તપાસ દરમ્યાન આરોપીઓના કબજા માંથી ફરીયાદી સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓની બનાવટી માર્કશીટસ બનાવવા માટેનું સાહિત્ય મળી આવેલ છે. જે પોલીસે પં ચનામાની વિગતે કબજે કરેલ છે. આમ આરોપીઓ આ રીતે ખોટી માર્કશીટ બનાવવાની ગેરકાયદેસર પ્ર વૃતિમાં સંકળાયેલા છે. અને તેઓ પાસેથી મોટા પ્રમાણમાં આ માટેનું સાહિત્ય મળી આવેલ છે. અને આરોપીઓ આ રીતે સ્કેન્ડલ ચલાવી મોટા પાયે ગુનાખોરી કરવાની ટેવ વાળા છે. જે તમામ હકીકત ફરીયાદ પક્ષે તેના પુરાવાથી સાબીત કરેલ છે. જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવા વિનંતી કરેલ છે.

જયારે આરોપી તરફે વિ.વ.શ્રીઓએ રજુ થયેલ પુરાવાઓ રીફર કરી આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર થઈ શકતો નહી હોવાની ભારપુર્વકની રજુઆત કરેલ છે. અને વિશેષમાં જણાવેલ છે કે, આ કેસમાં મુળ ફરીયાદીને જ તપાસેલા નથી. રજુ થયેલા પંચનામાના પંચોને તથા પંચનામું

કરનાર પોલીસ અધિકારીને પણ તપાસેલા નથી. ફકત અન્ય પોલીસ કર્મચારીની જુબાનીમાં આંક આપવામાં આવેલ છે. જેથી આ પંચનામા તથા ફરીયાદ સાબીત થયેલ ન હોય તેના આધારે આરોપીને કસુરવાર ઠરાવી શકાય નહી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, આ કેસમાં આરોપીઓએ તેઓ નાપાસ થયેલ હોવા છતા પાસ થયેલ હોય તેવુ દર્શાવતી ખોટી માર્કશીટ રજુ કરી એડમીશન મેળવેલ હોવાના આક્ષેપ કરેલા છે. પરંતુ ફરીયાદ પક્ષ દવારા આરોપીઓએ જે માર્કશીટ એડમીશન માટે રજુ કરેલી હતી તે રજુ કરેલ નથી. અને આરોપીઓની માર્કશીટ બાબતે ગુજરાત માધ્યમીક બોર્ડમાં કોઈ તપાસ થયેલી નથી, જો તપાસ થયેલ હોય તો તેના આધાર પુરાવા રજુ થયેલ નથી. આવી તપાસમાં શું હકીકત જાણવા મળેલી હતી અને જે આરોપીઓએ ડુપ્લીકેટ માર્કશીટ રજુ કરેલ છે તેની ખરી માર્કશીટ કઈ હતી અને તેની વિગતો શું હતી તેવો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. જેથી આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થતો ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

**(૬)** કેસની હકીકત ધ્યાને લેતાં, કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પૈકી નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓ ગુજરાત માધ્યમિક બોર્ડમાં ધોરણ ૧૨ ની પરીક્ષામાં નાપાસ થયેલ હોવા છતા તમામ આરોપીઓએ ડુપ્લીકેટ માર્કશીટસ બનાવવા માટેનું ગુનાહીત કાવતરૂ રચેલુ, અને આરોપીઓ નં.૪, ૯ દવારા આરોપીઓ નં.૭, ૮ નાઓએ બોર્ડની મળતી માર્કશીટની ડાય બનાવી કોરી માર્કશીટો તૈયાર કરેલ જે માર્કશીટોમાં આરોપીઓ નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓ લખી નાપાસ થયેલ હોવાનું જાણવા છતા તેમની પાસેથી નાંણા મેળવી પાસની માર્કશીટો બનાવી આપેઈ અને આ માર્કશીટસ ખોટી અને બનાવટી હોવાનું તેઓ જાણતા હોવા છતા તેનો સાચી માર્કશીટસ તરીકે ઉપયોગ કરી તેના આધારે ફરીયાદીની સંસ્થામાં એડમીશન મેળવી, આવી ડુપ્લીકેટ માર્કશીટસના બનાવવા માટેના ફોર્મ ડાય કોરી માર્કશીટો સાથે મળી આવી એકબીજાને મદદગારી કરી આરોપીઓ નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓએ સહજાનંદ વાણીજય મહાવિધાલય જુના સચિવાલય ખાતે એફ.વાય.બી.કોમમાં એડમીશન મેળવી ગુનો આ કામના આરોપીઓ પૈકી નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓ ગુજરાત માધ્યમિક બોર્ડમાં ધોરણ ૧૨ ની

પરીક્ષામાં નાપાસ થયેલ હોવા છતા આરોપીઓ નં.૪, ૯ દવારા આરોપીઓ નં .૭,૮ નાઓએ બોર્ડની મળતી માર્કશીટની ડાય બનાવી કોરી માર્કશીટો તૈયાર કરેલ જે માર્કશીટોમાં આરોપીઓ નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓ લખી નાપાસ થયેલ હોવાનું જાણવા છતા તેમની પાસેથી નાંણા મેળવી પાસની માર્કશીટો બનાવી આપી છતા ખરી તરીકે ઉપયોગ કરી માર્કશીટના ફોર્મ ડાય કોરી માર્કશીટો સાથે મળી આવી એકબીજાને મદદગારી કરી નઆરોપીઓ નં.૧, ૨, ૩, ૧૦, ૧૧ નાઓએ સહજાનંદ વાણીજય મહાવિદ્યાલય જુના સચિવાલય ખાતે એફ.વાય.બી.કોમમાં એડમીશન મેળવી ગુનો કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–ઈ.પી.કો. કલમ–૪૧૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દાનં. ૧:–**

**(૯)** સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ જગદીશભાઈ કરશનભાઈ પટેલને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હાલમાં તેઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ખાતે નાયબ નિયામક ( પરીક્ષા) તરીકે ફરજ બજાવે છેઈ આ કામમાં તેઓની કચેરીમાં નામદાર કોર્ટનો સમન્સ આવતાં તેઓ અત્રે જુબાની આપવા આવેલ છેઈ તેઓ તેમની કચેરી દ્વારા માર્કશીટ બનાવવાની કામગીરી અને પરીક્ષા અંગેની કામગીરીથી વાકેફ છીએઇ તેઓ આજરોજ તેઓની કચેરીના દસ્તાવેજો અંગે જાણકારી ધરાવનાર પ્રતિનિધિ તરીકે જુબાની આપવા આવેલ છેઈ તેઓને પેજ નંબર ૨ મુદ્ધામાલ આર્ટીકલ નંબર ૧ ( એ ) ગુજરાત સેકન્ડરી એજયુઇબોર્ડની માર્કશીટ બનાવવા માટેનો ફર્મો અને પ્રુફ નંગ ૧ ( બી) ધી ગુજરાત એચએસસી બોર્ડની માર્કશીટ બનાવવા માટે નેગેટીવ નંગ ૨ તથા પોઝીટીવ નંગ ૩ તથા ૧ ( સી) ગુજરાત એચએસસી બોર્ડની એકઝામ સેક્રેટરીની સહીવાળી કોરી બનાવટી માર્કશીટ નંગ ૧૦ તથા

એકઝામ સેક્રેટરીની સહી વિનાની માર્કશીટ નંગ ૧૩ તથા ૧ ( ડી) એક ઇન્ટરનેશનલ ટ્રાવેલ એજન્સીની થેલી જેમાં ગુજરાત સેકન્ડરી એકઝામનેશન બોર્ડ ગાંધીનગરના ક્રેડીટ સર્ટી બનાવવા માટેના ફોર્મ નંગ ૩ તથા નેગેટીવ ૨ તથા પોઝીટીવ ૨ તથા ગુજરાત સેકન્ડરી બોર્ડ ગાંધીનગરના બનાવટી ક્રેડીટ સર્ટી ૬૩ જેમાંથી ૬૧ વાદળી કલરના અક્ષર વાળા તથા બે લીલા કલરના અક્ષર વાળા જેને આરોપી પક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ૨૫ થી રજુ થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી પેજ નંબર ૩ આર્ટીકલ નંબર ૩ એક ખાખી કલરનુ કાગળનુ મોટુ કવર છે જેમાં ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ ગાંધીનગર એકઝામ વિંગ વડોદરાની એસએસસીની માર્કસીટો બનાવવા માટેની પોઝીટીવ નંગ ૫ તથા બનાવટી કોરી માર્કશીટો નંગ ૧૨ જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંક – ૨૬ થી રજુ થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી પેજ નંબર ૩ આર્ટિકલ નંબર ૪ એક ખાખી કલરનુ કાગળમાં વીંટાળેલ ગુજરાત યુનિવર્સીટીની જુદીજુદી પરીક્ષાઓની અસલ માર્કશીટની બનાવેલ કોપી નંગ ૭ જે થર્ડ બીકોમ , એમકોમ પાર્ટ ૨ – ૧ , થર્ડ એલએલબી ૧ બનાવવા માટેની જુદીજુદી નેગેટીવ તથા પોઝીટીવ નંગ ૧૫ જેમાં મોટા પીસ ૧૧ નાના પીસ ૪ જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ ૨૭ થી રજુ થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી પેજ નંબર ૩ આર્ટીકલ નંબર ૫ જે પ્રોવિઝનલ ટ્રેડ સર્ટી ગર્વમેન્ટ ઓફ ગુજરાત લખેલ આઇટીઆઇ લખેલ સર્ટી નંગ ૧૦૦ તથા સર્ટી બનાવવાના ફર્મા નંગ ૨ પોઝીટિવ બે નેગેટીવ ૨ તથા કેશ મેમો રૂપિયા ૨૬૭ળઢનો લક્ષ્મી સ્ક્રીન ગ્રાફનો છે જે ટ્રેન્ડ લખેલ પ્લાસ્ટીકની થેલીમાં રાખવામાં આવેલ છે જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ ૨૮ થી રજુ થયેલ છે.

તેઓને મુદ્ધામાલ પાવતી નંબર ૩ આર્ટીકલ નંબર ૬ જે નોર્થ ગુજરાત યુનિવર્સીટી સેકન્ડ યર બીએ પરીક્ષાની કોરી માર્કશીટ ૨૫ તથા ગુજરાત યુનિઇના સિકકાવાળા માર્કશીટો બનાવવા માટેના કાગળૌ નંગ ૧૦ તથા ફોર્મ ૧૦ તથા પોઝીટિવ ૩ તથા નેગેટીવ નંગ ૮ જે મધુ મેચિંગ નામની પ્લાસ્ટીકની થેલીમાં છે જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ૨૯ થી થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી નંબર ૩ આર્ટીકલ નંબર ૭ જુદીજુદી સ્કુલોના એલસી બનાવવા માટેના ફોર્મ્સ નંગ ૩ તથા તેનાથી બનાવેલ એલસી નંગ ૧૨ જે ખાખી કલરના પ્રિમ સ્કાય

કોમ્યુઈ સર્વિસીસની થેલીમાં છે જેને આરોપી પક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ૩૦ થી રજુ થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી નંબર ૩ આર્ટીકલ નંબર ૮ જે જાદવ ભરત શંકર રાવના નામનુ બીકોમનુ ડીગ્રી સર્ટી તથા ગુજરાત યુનિઈના જુદાજુદા અભ્યાસ ક્રમના ડીગ્રી સર્ટી નંગ ૮ જેમાં બીએના ૩લ બીએસસીના ૩લ બીએડના ૨ છેઈઉપરોકત સર્ટી બનાવવા માટેની પોઝીટીવ નંગ ૪ જે એક પ્લાસ્ટીકની થેલીમાં છે તથા ધોરણ ૧૨ ની અસલ માર્કશીટ જેમાં પટેલ ભુપેન્દ્રકુમાર હીરાલાલનુ નામ લખેલ જેનો સિરીયલ નંબર ૦૩૭૪૯૭ નો છે જે ઉપરોકત થેલીમાં છે જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંક – ૩૧ થી રજુ થયેલ છે.

તેઓને મુદ્ધામાલ પાવતી નંબર ૩ આર્ટિકલ નંબર ૯ જે માર્કશીટ બનાવવા માટે જુદાજુદા સાઈઝનુ બંડલ  જે ખાખી કાગળમાં સુતરીથી બાધેલ છે જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ૩૨ થી રજુ થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી નંબર ૩ આર્ટીકલ નંબર ૧૦ જે ગુજરાત યુનિઈની જુદીજુદી પરીક્ષાઓની માર્કશીટ તથા ડીગ્રી સર્ટી તૈયાર કરવા માટે બનાવેલ પ્રિન્ટનો નમુનો લગાડેલ છે જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંકઢ૩૩ થી રજુ થયેલ છેઈ

તેઓને મુદ્ધામાલ પાવતી નંબર ૪ આર્ટિકલ નંબર ૧ જે એક કથ્થાઈ કલરની ફાઈલ જેના પર થોમસ એન્જીનિયરીંગ પ્રાઈલીઈનુ સ્ટીકર મારેલ છે ફાઈલમાં માર્કશીટની લંબાઈના કાપેલા ફર્મા જેવા કોરા કાગળ આશરે ૫૦ જેટલા તથા એક વાદળી કલરનો કાટખુણીયો તથા ખાખી **કવરમાંથી સરકારી વાણીજય પ્રમાણપત્રની બીએનુ પાસનુ પ્રમાણપત્ર** વગેરેની નેગેટીવ તથા માર્કશીટો ગુજરાત યુનિઈની માકશીટોની નેગેટીવ નંગ ૫ તથા અન્ય નેગેટીવ ૫ પરીક્ષા બોર્ડની નેગેટીવ ખાખી કવરમાં છે. જેને આરોપીપક્ષે વાંધા સહીત રજુ સંયુકત રજુ દાખલ આંક – ૩૪ થી રજુ થયેલ છે. મુદ્ધામાલ પાવતી પેજ નં. ૧ આર્ટીકલ નં. ૨ બતાવવામાં આવે છે જે પોકર છે જે રજુ દાખલ આંક – ૩૫ થી રજુ થયેલ છે. મુદ્ધામાલ પાવતી પેજ નંબર ૧ આર્ટીકલ નંબર ૪ બતાવવામાં આવે છે જે ધોરણ ૧૨ ની ૫ બનાવટી માર્કશીટો બતાવવામાં આવે છે જે વાંધા સહીત રજુ દાખલ આંક – ૩૬ થી રજુ થયેલ છેઈ

**(૯.૧)** ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે**,** તેઓએ એમ . એ . બી. એડ કરેલ છે. તા. ૯ / ૧ / ૨૦૦૩ થી સરકારી નોકરીમાં જોડાયેલો અને આ નોકરીમાં સને ૨૦૧૭માં જોડાયેલ છે. સને ૧૯૯૫ ના વર્ષમાં તેઓ અભ્યાસ કરતો હતો. એ વાત ખરી છે

કે આ બનાવ વિશે તથા આજરોજ રજુ થયેલ દસ્તાવેજોની તેઓને કોઇ જાત માહીતી નથીઈ એ વાત ખરી છે કે તેઓના શિક્ષણ વિભાગમાં જુદાજુદા વિભાગો હોય છે અને તેમાં જુદીજુદી કામગીરી હોય છેઆ કેસને લગતાં કોઇ દસ્તાવેજો એફએસએલમાં મોકલવામાં આવેલ હોત તો તેની તેઓને ખબર નથીઈ એ વાત ખરી છે કે આજરોજ રજુ થયેલ દસ્તાવેજો અસલ છે કે નકલી તેની તેઓને કોઇ નોલેજ નથીઇએ વાત ખરી છે કે આજરોજ રજુ થયેલ દસ્તાવેજો કોણે કયાંથી કોને આપેલ તે વિશેની તેઓને કોઇ જાણકારી નથીઇએ વાત ખરી છે કે તેઓએ આજરોજ રેકર્ડ આધારે જુબાની આપેલ છેઈ એ વાત ખરી છે કે તેઓએ અગાઉ આવા કોઇ દ્સતાવેજો જોયેલ નથીઇએ વાત ખરી છે કે આરોપીઓએ તેઓના શિક્ષણખાતામા કોઇ નકલી માર્કશીટ બનાવેલ છે કે કેમ તે તેઓ ચોકકસપણે કહી શકે નહીં.

(૧૦) આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપીત ગુનાઓ તથા તેના આવશ્યક તત્વો ધ્યાને લેવામાં આવે તો, ઈ.પી.કો. કલમ ૪૧૭ માં ચીટીંગ કરવા બદલ સજાની જોગવાઈ કરવામાં આવેલ છે, ચીટીંગની વ્યાખ્યા ઈ.પી.કો. કલમ ૪૧૫ થી કરવામાં આવેલ છે. ઈ.પી.કો. કલમ ૩૬૮ માં ચીટીંગ કરવાના હેતુથી ફોર્જરી કરવા અને ખોટા દસ્તાવેજ બનાવવા બદલ સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. ઈ.પી.કો. કલમ ૪૭૧ માં કોઈ દસ્તાવેજ ખોટો છે તેવુ જાણવા છતા અથવા દસ્તાવેજ ખોટો હોવાનું માનવાને પોતાને કારણ હોવા છતા તેવા ખોટા દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બદલ સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. ઈ.પી.કો. કલમ ૧૨૦(બી) ગુનાહીત કાવતરૂ રચવા બદલ સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુનાહીત કાવતરૂ કોને કહેવાય તેની વ્યખ્યા ઈ.પી.કો. કલમ ૧૨૦(એ) થી કરવામાં આવેલ છે. જે મુજબ બે અથવા વધુ વ્યકિતઓ કોઈ ગેર કાયદેસરનું કૃત્ય કરવા માટે અથવા તો કોઈ કાયદેસરનું કૃત્ય ગેરકાયદેસર રીતે કરવા માટે સંમત થાય તો તેને ગુનાહીત કાવતરૂ કર્યુ ગણાય.

આમ ઉપરોકત ગુનાના આવશ્યક તત્વો મુજબ આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે કે, તમામ આરોપીઓએ ભેગા મળી ખોટી અને બનાવટી માર્કશીટ બનાવવા માટેનું કાવતરૂ ઘડુલ હતુ, અને તેના ભાગ રૂપે ખોટા દસ્તાવેજ એટલે કે, ડુપ્લીકેટ માર્કશીટસ બનાવેલ હતી, અને આવી માર્કશીટસ ખોટી અને બનાવટી હોવાનું તેઓ જાણતા હોવા છતા તેનો ખરા તરીકે ઉપયોગ કરી આવી માર્કશીટસના આધારે ફરીયાદીની સંસ્થામાં એડમીશન મેળવી ચીટીંગ કરી ગુનો કરેલ હતો.

(૧૧) ઉપરોકત હકીકતો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ પુરાવો ચકાસીએ તો, સહજાનંદ વાણિજય મહાવિદ્યાલયના પ્રિન્સીપાલ કે જેમને સૌપ્રથમ આ ગુનાની જાણ થયેલી હતી, અને જેમણે બનાવની ફરીયાદ આપેલ હતી તે મુળ ફરીયાદીને અદાલત સમક્ષ હાજર રાખવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ છે, જેથી તેઓને તપાસી શકાયેલા નથી. અને મુળ ફરીયાદીને ખરેખર કોણે અને કેવી રીતે બનાવની જાણ કરેલ હતી અને તેમણે આ સંદર્ભમાં શું કાર્યવાહી કરેલ હતી તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. કેસની વિગતો મુજબ આરોપી નં. ૧ થી ૩, ૧ ૦ તથા ૧૧ નાઓએ ખોટી અને બનાવટી માર્કશીટ રજુ કરી તેના આધારે એડમીશન મેળવેલ હતુ અને અન્ય આરોપીઓ આવી રીતે બનાવટી માર્કશીટ બનાવવાની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા હતા. જેથી ફરીયાદ પક્ષ દવારા સૌપ્રથમ તો એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, આરોપીઓએ એડમીશન મેળવવા માટે રજુ રાખેલ માર્કશીટ બનાવટી અને ખોટી હતી. જે માટે આવી બનાવટી માર્કશીટ તથા તે ખોટી હોવા બાબતનો જે તે સંસ્થાનો રીપોર્ટ અને આરોપીઓની ખરી માર્કશીટ રજુ થવી જરૂરી છે. હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષ દવારા આંક–૨૫ થી આંક–૩૬ સુધી તપાસ કરનાર અધિકારીએ આ કામના સાહેદ વિમળાબેન તથા આરોપી નં. ૭ તથા ૮ ના કબજા માંથી વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની ડુપ્લીકેટ માર્કશીટ બનાવવા માટેનું સાહિત્ય જેમાં કોરી માર્કશીટ, તે બનાવવા માટેના કાગળો, નેગેટીવ, પોઝીટીવ, ટાઈપ રાઈટર વિગેરે કબજે લીધેલ હતુ તે રજુ રાખેલા છે. પરંતુ આરોપીઓએ રજુ કરેલ ખોટી માર્કશીટ તથા આરોપીઓની ખરી માર્કશીટ રજુ રાખેલ નથી. વધુમાં ફરીયાદ મુજબ બનાવની જાણ થતા ફરીયાદીએ ગુજરાત માધ્યમીક શિક્ષણ બોર્ડને કુલ ૧૮૬ વિદ્યાર્થીઓની માર્કશીટ મોકલી તેની ખરાઈ કરાવેલ હતી જે અંગેની માહિતી ગુજરાત માધ્યમીક શીક્ષણ બોર્ડ દવારા ફરીયાદીને આપવામાં આવેલ હતી. પરંતુ ફરીયાદીએ ખરાઈ માટે મોકલેલ આવુ લીસ્ટ તેમજ આરોપી નં. ૧ થી ૩ તથા ૧૦, ૧૧ નાઓએ તેઓની કોલેજમાં એડમીશન માટે રજુ કરેલ માર્કશીટ તથા તેની ખરાઈ કરી ગુજરાત માધ્યમીક શીક્ષણ બોર્ડ દવારા આપવામાં આવેલ રીપોર્ટ કે તેની નકલ ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ નથી. આમ ફરીયાદ પક્ષનો મુખ્ય આધાર જે ખોટી અને બનાવટી માર્કશીટ ઉપર રહેલો છે તેવી માર્કશીટ આ કામમાં રજુ થયેલ નથી. ફરીયાદ પક્ષના કેસ મુજબ જે આરોપીઓએ પોતાની માર્કશીટસ ફરીયાદી સંસ્થામાં રજુ રાખેલ હતી તેમાં આરોપીઓ પાસ થયેલ હોવાનું દર્શાવેલ છે, પરંતુ ખરેખર આરોપીઓ નાપાસ થયેલા હતા. પરંતુ આગળ ચર્ચા કર્યા મુજબ આવી માર્કશીટસ રજુ થયેલ ન હોય જેથી તેની વિગતો પુરવારર થઈ શકતી નથી. વધુમાં મજકુર આરોપીઓનું પરિણામ ખરેખર શું આવેલ હતુ તે ગુજરાત માધ્યમીક શીક્ષણ

બોર્ડના રેકર્ડ ઉપરથી જ જાણી શકાય. પરંતુ આ કામમાં જે તે સમયના પરિક્ષા સચિવ મળી આવેલ ન હોય તેઓની જુબાની થઈ શકે નથી. સાહેદ જગદીશભાઈ કરશનભાઈ પટેલને આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે, તેઓ હાલમાં તેઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગાંધીનગર ખાતે નાયબ નિયામક૮પરીક્ષા૯ તરીકે ફરજ બજાવે છેઈ અને રેકર્ડ આધારીત જુબાની આપેલ છે. પરંતુ તેઓને આ બનાવ વિશે કોઈ જાત માહિતી ોહય તેમ જણાતુ નથી. વળી મજકુર સાહેદે પણ આરોપી નં. ૧ થી ૩, ૧ ૦ તથા ૧૧ ની ખરી માર્કશીટ અથવા તેની નકલ રજુ રાખેલ નથી, એટલુ જ નહી પરંતુ મજકુર આરોપીઓનું ખરૂ અને સાચુ પરિણામ શું હતુ તે અંગે પણ કોઈ પુરાવો આપેલ નથી. આમ આરોપી નં . ૧ થી ૩, ૧૦ તથા ૧૧ નાઓએ રજુ રાખેલ માર્કશીટસ ખોટી અને બનાવટી હતી તેવુ દર્શાવતો કોઈ સબળ પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે આરોપીઓએ રજુ રાખેલ માર્કશીટસ ખોટી અને બનાવટી હતી તેવુ પુરાવાના અભાવે માની શકાય તેમ નથી.

**(૧૨)** વધુમાં ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપી નં. ૧ થી ૩, ૧૦ તથા ૧૧ સીવાયના અન્ય આરોપીઓ આ રીતે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની ખોટી, ડુપ્લીકેટ માર્કશીટસ બનાવવાની ગેરકાનુની પ્રવૃતિ કરતા હતા અને આર્થિક લાભ મેળવી ડુપ્લીકેટ માર્કશીટ બનાવી આપતા હતા, અને આરોપી નં . ૧ થી ૩, ૧૦ તથા ૧૧ નાઓએ અન્ય આરોપીઓ સાથે મળી ગુનાહીત કાવતરૂ ઘડી મજકુર આરોપીઓના નામની ખોટી માર્કશીટસ બનાવી ગુનો કરેલ છે. અને અન્ય આરોપીઓની આવી ભુમીકા તપાસ દરમ્યાન નિકળી આવેલ છે.પરંતુ કેસનું રેકર્ડ જોતા ફરીયાદીને સમન્સ કરવામાં આવેલ છે. ત્યારે સમન્સવાળી જગ્યાએ આવી તપાસ કરતા સદર ફરીયાદી ત્રણેક વર્ષ પહેલા મકાન વેચીને વિદેશ જતા રહેલ છે. તેમજ આ મકાનમાં હવે ગૌરાંગભાઈ ભરતભાઈ પટેલ પોતાના પરીવાર સાથે રહે છે. તેવા શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં આ કામે આઇ.ઓને સમન્સ કરવામા આવેલ છે. જેમા આઇ.ઓનું ગાં ધીનગર ડી.જી.પી. કચેરી ખાતેથી એડ્રેસ તથા નિવુતિ તારીખ મેળવી બાદમાં કચેરીમાંથી મેળવેલ એડ્રેસ પર તપાસ કરતા ગુજ.યુનિ. પોસ્ટે ની હદમાં જઈ તપાસ કરેલ. જે એડ્રેસ પર મકાન બંધ હોઈ જેથી તેમના પત્નીનો મો.નં. પર કોલ કરતા આર.એચ.રાઠોડ મરણ ગયેલ હોઈ જેમનુ મરણનું પ્રમાણપત્ર મોબાઈલ નં. પર મોકલી આપતા જે મેળવી સમન્સ સાથે સામેલ રાખેલ છે. આમ ગુનાની તપાસ કરનાર અધિકારી મરણ પામેલ હોય તેઓને તપાસી શકાયેલા નથી. આ સીવાય તપાસ કરનાર અધિકારીએ સાહેદ વિમળાબેન તથા આરોપી નં. ૭ અને ૮ ના કબજા માંથી ડુપ્લીકેટ માર્કશીટસ બનાવવા માટેની સાધન સામગ્રી કબજે લીધેલ હતી, અને તે અંગેના આંક–૪૨ થી ૪૪ વાળા પંચનામા

કરી તેની વિગતે મુદામાલ તરીકે કબજે લીધેલ હતી. જે આ કામે આંક–૨૫ થી ૩૬ સુધી રજુ થયેલ છે. પરંતુ કેસનું રેકર્ડ જોતા આ ત્રણેય પંચનામાના પંચ સાહેદો પૈકી કોઈને ફરીયાદ પક્ષ અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી. જેથી આ પંચોને તપાસી શકાયેલા નથી. જયારે પંચનામું કરનાર તપાસ અધિકારી મરણ પામેલ હોય તેઓનો પુરાવો પણ નોંધી શકાયેલ નથી. આ સંજોગોમાં આ પંચનામાની વિગતો પુરવાર થઈ શકતી નથી. આમ ફરીયાદ પક્ષ દવારા ડુપ્લીકેટ માર્કશીટસ બનાવવા માટેની સાધન સામગ્રી ઉપર આધાર રાખેલ છે તેવી સાધન સામગ્રી આરોપીઓ પાસેથી કબજે લીધેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય, આરોપીઓને આ મુદામાલ સાથે સાંકળતો અન્ય કોઈ પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ ન હોય જેથી આ સાધન સામગ્રી આરોપીઓ પાસેથી મળી આવેલ હોવાનું પણ પુરવાર થઈ શકતુ નથી. વધુમા આંક–૨૫ થી ૩૬ સુધી રજુ થયેલ સાધન સામગ્રીમાં જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓની કોરી માર્કશીટસ, તે બનાવવા માટેનું મટીરીયલ તેમજ અમુક ઈસમોના નામની માર્કશીટીસ મળી આવેલ છે. પરંતુ તપાસ કરનાર અધિકારીએ આ સુદર્ભમાં તેવા કોઈ ઈસમોની તપાસ કરી નિવેદન મેળવેલા હોય તેવુ રેકર્ડ ઉપર આવતુ નથી, તેવી જ રીતે આવી જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓમાં તપાસ કરી ત્યાંના જવાબદાર કર્મચારી કે અધિકારીઓના નિવેદન મેળવેલ હોય તેવુ પણ રેકર્ડ ઉપર આવતુ નથી. આમ રજુ થયેલ આ પુરાવા આધારે આરોપીઓએ ડુપ્લીકેટ માર્કશીટસ બનાવેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થઈ શકતુ નથી.

**(૧૩)** વધુમાં આગળ ચર્ચા કર્યા મુજબ આરોપી નં. ૧ થી ૩, ૧૦ તથા ૧૧ ની જે માર્કશીટસ ઉપર ફરીયાદ પક્ષના કેસનો આધાર છે તેવી માર્કશીટીસ રજુ થયેલ નથી. એટલુ જ નહી પરંતુ આવી માર્કશીટીસ અન્ય આરોપીઓએ જ બનાવેલ હતી તેવુ દર્શાવતો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી. ૧ ૨૦(બી), ૧૧૪ મુજબનો ગુનો છે, જેમાં ગુનાહીત કાવતરૂ ઘડવા બદલ સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. ગુનાહીત કાવતરાની વ્યાખ્યા ઈ.પી.કો. કલમ ૧૨૦(એ) માં કરવામાં આવેલી છે. સદર કલમના આવશ્યક તત્વો મુજબ બે અથવા વધુ વ્યકિત હોવા જરૂરી છે, અને આવા વ્યકિતઓ દવારા કઈ ગેરકાયદેસરનું કૃત્ય કરવા માટે અથવા તો કોઈ કાયદેસરનું કૃત્ય ગેરકાયદેસર રીતે અથવા સાધનો વડે કરવા માટે આયોજન કરેલ હોય તો તેને ગુનાહીત કાવતરૂ કહી શકાય. અત્રે એ હકીકત નોંધનીય છે કે, ગુનાહીત કાવતરા બાબતેનો સીધો પુરાવો ભાગ્યે જ મળી શકે છે. જેથી ગુનાહીત કાવતરાની હકીકત પુરવાર કરવા માટે કેટલીક સાબીત થયેલ હકીકતો અને સંજોગો ઉપર આધાર રાખવો પડે છે. પરં તુ આ રીતે આનુષંગીક અને હકીકતો અને સંજોગો ઉપર આધાર રાખતા પહેલા અને તેના ઉપરથી કોઈ

અનુમાન કરતા પહેલા આવા સંજોગો તથા હકીકતો સાબીત થયેલ હોવા જરૂરી છે. હાથ પરના કેસમાં આરોપીઓ વિરૂધ્ધનું ખોટો દસ્તાવેજ બનાવવા અંગેનું ત્હોમત જ પુરવાર થતુ નથી. તદઉપરાંત તમામ આરોપીઓ અગાઉથી એકબીજાના સંપર્કમાં હતા અને આવી ડુપ્લીકેટ માર્કશીટસ બનાવવા માટે તેઓ વચ્ચે કોઈ સમજુતી કે કરાર થયેલ હતો તેવુ દર્શાવતો પણ કોઈ પુરાવો રજુ થયેલ નથી. આમ મીટીંગ ઓફ માઈન્ડ જે આ ગુનાનું મહત્વનું તત્વ છે તે જ પુરવાર થઈ શકતુ નથી.

**(૧૪)** પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષની છે જયારે ફરિયાદ પક્ષના કેસમાં ગંભીર શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે, કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષ દવારા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા તેમજ આ સંદર્ભમાં થયેલ રજુઆતો લક્ષમાં લેતા આરોપી નં. ૧ થી ૩, ૧૦ તથા ૧૧ નાઓએ અન્ય આરોપીઓ સાથે મેળાપીપણુ કરીને તેમજ ગુનાહીત કાવતરૂ ઘડીને ખોટી માર્કશીટીસ બનાવેલ હોવાની હકીકત તેમજ આવી બનાવટી માર્કશીટીસનો ઉપયોગ કરી ફરીયાદી સંસ્થામાં એડમીશન મેળવેલ હોવાની હકીકત પુવાર થઈ શકતી નથી. અને એકંદરે સમગ્ર પુરાવો લક્ષમાં લેતા આરોપીઓ વિરૂધ્ધ જે જે ગુનાનું ત્હોમત છે તેવા ગુનાના આવશ્યક તત્વો પુરવાર થઈ શકે તેવો સબળ અને વિશ્વસનીય પુરાવો રજુ રાખવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે. આ સં જોગોમાં આરોપીઓ વિરૂધ્ધનું ત્હોમત નિ:શંકપણે પુરવાર થઈ શકતુ ન હોય, જેથી આરોપીઓને કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. સબબ ઉપરોકત મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ અંગે ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧. આ કામના આરોપી નં. (૨) સમીરનાનુભાઈ માંકડીયા, ઉ.વ. ૨૪ રહે.બી, ૪૦૪ સ્પેકટ્રમ ટાવર શાહીબાગ સ્ટેડીયમ સામે, (૪)અલ્તાફ હુસેન મોગલ, ઉવ.૧૯ રહે.જમાલપુર, સિંધિવાડ મકાન નં.૧૫૫૭ એફ.ડી.હાઈસ્કુલ પાસે, (૭) નિલેષ ચીમનભાઈ પટેલ રહે.૭ અસ્ટાપદ સોસા. શાંતિવન નારણનગર તથા (૧૦) દિપેશ કિશનભાઈ રાવ, ઉ.વ.૧૮ રહે.૧૪ કુન્દનપાર્ક નારણપુર ચાર રસ્તા પાસે નાઓને ક્રિ.પ્ર ો.કોડની કલમ–૨૪૮(૧)અન્વયે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૧૭,

૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

૨. આરોપીઓએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

૩. આ કામે અન્ય આરોપીઓ વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હોય અને તેઓ વિરૂધ્ધ અલચગ ચાર્જશીટ કરવા હુકમ થયેલ હોય, જેથી મુદામાલ અંગે હાલના તબકકે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪. સુપ્રિ.શ્રી એ કેસમાં રજુ થયેલ તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ સાથે સંબંધીત પો.સ્ટે.ને અન્ય આરોપીઓ વિરૂધ્ધનું અલગ ચાર્જશીટ રજુ રાખવા યાદી કરવી.

આ હુકમ આજ તારીખ ૧૧ મી, માહે : નવેમ્બર, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૧/૧૧/૨૦૨૫

(મનીષ ભરતભાઈ નિમાવત)
૬ ઠ્ઠા એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(UID CODE No. GJ 00971)